# ગુજરાતનો મહાસંગ્રામ 2012

### એકસો સત્તર વર્ષની ઉંમરના કાથુડીયાદાદા વર્ણવે છે

## ગાંધી બાપુના મરણ પછી જે ચૂંટણી થઈ ત્યારથી મતદાન કરૂ છું

### મતદાન સાથે સંકળાયેલી યાદો કી બારાત...! : નર્મદા જિલ્લાના વયોવૃદ્ધ શતાયુ મતદારોની હિમાયત

અમદાવાદ, તા. ૨૦

નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકાનું રોઝઘાટ ગામ. આ ગામના એક ફળીયામાં કાચા પરંતુ વિશાળ અને ઠીક ઠીક સુવિધા ધરાવતાં પાંચ મકાનોનો સમૂહ અને ઘરોના આ ઝુમકાના વચલા ઘરમાં વસે છે કાથુડીયાદાદા વસાવા. ૧૧૭ વર્ષના વયોવૃદ્ધ કાથુડીયાદાદાએ અંગ્રેજોના જુલમ, રાજશાહીની રોનક અને સ્વતંત્રતાની મુક્તિ એ ત્રણેયનો અનુભવ કર્યો છે. વડીલ વડલા જેવા આ દાદા પાંચ પુત્રો, બે પુત્રીઓ અને તેમના વંસવેલાના એંશીથી વધુ કુટુંબીજનો ધરાવતા પરિવારના મોભી છે. ખાસ વાત એ છે કે, ૧૧૫ + ની ઉંમરના કાથુડીયાદાદા નોંધાયેલા મતદાર છે. અને મતદાર પોટો ઓળખકાર્ડ પણ ધરાવે છે.

મતદાન સાથે સંકળાયેલી યાદોં કી બારાત-સંસ્મરણો વર્ણવતા કાથુડીયાદાદા જણાવે છે કે, - બાપુ ગાંધીજીના મરણ પછી જે ચૂંટણી થઈ (સંભવતઃ ૧૯૫૨ની પ્રથમ લોકસભા ચૂંટણીને યાદ કરતાં હોય તે શક્ય છે) ત્યારથી હંમેશા મતદાન કર્યું છે...!' આજે તો મતદાન મથક ઘરની નજીક છે પણ એક જમાનામાં ચાલતા જઈને ત્રણ કિલોમીટર દૂરના મતદાન મથકે મતદાન કર્યું છે એમ તેઓ ઉમેરે છે. નિયમિત મતદાન કર્યું છે એવા દાવામાં વિશ્વાસ કરવો પડે. કારણ કે આજે તેમના કુટુંબ વડલાના આશરે ૩૫ પુરૂષો અને ૩૦ મહિલાઓ મતાધિકાર ધરાવે છે જે પૈકી ૨૦ જેટલા તો યુવા મતદારો છે. લાકડીના ટેકે ચાલતા કાથુડીયાદાદા મતદાર જાગૃતિનો અડીખમ પુરાવો આપે છે. આ વડીલ આજે પણ રાજપીપળાના કાળા ઘોડાવાળા રાજાને શિકારમાં કરેલી મદદ, અંગ્રેજ સૈનિકોના ડર હેઠળ કરેલી વેઠ, જમીન-મહેસુલ ભરવા નેત્રંગ સુધી ૪૦ કિલોમીટર ચાલતા જવાની મુશ્કેલીઓ તેમજ સંભવતઃ હરિપુરા સંમેલનમાં ૫૧ બળદગાડાઓના રથમાં પધારેલા સુભાષ રાજા (સુભાષચંદ્ર બોઝ)ની યાદોને વાગોળે છે. મરાઠી-ગુજરાતી મિશ્રિત છાંટવાળી તેમની વસાવી બોલી દુભાષિયાની મદદથી જ સમજી શકાય છે.

**૧૦૩ વર્ષનાં દાદીમાં પંચાયતથી પાર્લામેન્ટ સુધીની તમામ ચૂંટણીઓમાં મતદાન કરે છે**

મોસ્કુટ ગામના વડવાલા પલિયાના દેવનીબા વસાવા એકસો ત્રણ વર્ષની ઉંમર ધરાવતા મતદાર છે. આટલી વયોવૃદ્ધ ઉંમરે આંખે ઝાંખપ આવી છે. બાકી પોતાનું ઘણું કામ જાતે કરી શકે છે. તેમના પરિવારના ૧૦ સદસ્યો નોંધાયેલા મતદાર છે. દેવનીબા કહે છે કે, તમામ ચૂંટણીઓમાં, પંચાયતથી લઈને પાર્લામૅન્ટ સુધી મતદાન કર્યું જ છે. એકવીસ વર્ષની ઉંમરે મતદાન કરવાની જેમને આળશ આવે છે તેમણે એકસો ત્રણ વર્ષના આ દાદીમાની વાત કાને ધરવી જ પડે !

દેડીયાપાડાના બાંડી શેરવાણ ગામના ખુપર ફળિયામાં વસે છે ૧૦૨ વર્ષની ઉંમરના વસાવા પુનુબેન. આ શતાયુ મતદાતાના પુત્રવધૂ રાજપીપળા જિલ્લા પંચાયતના અધ્યક્ષા પણ રહી ચુક્યા છે. તેમના કુટુંબીજનો જણાવે છે કે, પુનુબા દોઢેક કિલોમીટરના અંતરે આવેલા મતદાન મથકે જઈને પણ મતદાન કરવાના આગ્રહી છે. મતદાનના દિવસે સહુથી પહેલા તૈયાર થઈ જાય અને ચાલો મતદાન કરવાની જીદ પકડે. ઘરની કામવાળી બહેનોને પણ પહેલા મત આપી આવ્યા પછી કામ કરોનો આદેશ આપે. કુટુંબીજનોને પણ બધાં કામ પછી, પહેલા મતદાનનો આગ્રહ કરે.

પુનુબાનું આ બાંડી શેરવાણ ગામ મુખ્યત્વે વસાવા અને કોટવાળીયાનો વસવાટ ધરાવે છે. ગામના લોકો ભરૂચ, અંકલેશ્વરની આસપાસ મજુરી કરવા જાય. પણ મતદાના આગલા દિવસે ગામમાં આવી જાય છે. ગામની મહિલાઓ પણ મતદાનની બાબતમાં જાગૃત છે.

સ્વીપ હેઠળ મતદાન જાગૃતિનું અભિયાન નર્મદા જિલ્લા ચૂંટણીતંત્રે છેડ્યું છે. આ જિલ્લો અંતરિયાળ, ડુંગરાળ, દુર્ગમ વિસ્તાર ધરાવે છે. તેમ છતાં, જિલ્લા ચૂંટણીતંત્ર મહત્તમ મતદાન કરાવવા સંકલ્પબદ્ધ છે. જિલ્લા ચૂંટી અધિકારીશ્રી મિલિન્દ તોરવણેએ શતાયુ મતદારોને શોધવા અને તેમના મતદાનને સરળ બનાવવાની દેશભરમાં અનોખી ગણાય તેવી પહેલ આદરી છે. તેના પગલે ૨૬ જેટલા શતાયું મતદારોને મતદાનમાં કોઈ તકલીફ ન પડે તે માટે સંપર્ક કરવામાં આવી રહ્યો છે. જીવનમાં ઉત્તરાર્ધ (૧૦૧ થી ૧૫૦ વર્ષ)માં પ્રવેશેલ બા-દાદા મતદાન કરવા તત્પર છે. યુવા મતદારો તેમની પાસેથી યોગ્ય બોધપાઠ લે તે ઈચ્છનીય છે.




ચૂંટણીના કાઉન્ટડાઉનની સાથે સાથે રાષ્ટ્રીય પક્ષોની પત્રકાર પરિષદો પણ વધતી જાય છે. પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે મંગળવારે બપોરે સાંસદ અને મહિલા કોંગ્રેસના અધ્યક્ષા શ્રીમતી ગિરીજા વ્યાસે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું.

## પંચામૃત સંકલ્પના પમરાટથી ગુજરાત સર્વગ્રાહી વિકાસનું મોડેલ બન્યું છે

અમદાવાદ, તા. ૨૦

૬ કરોડ ગુજરાતીઓના હાથ ઝાલીને તેને આત્મનિર્ભર બહનાવી સમાજની સાચી શક્તિને ઉજાગર કરવા જ્ઞાન-જળ-ઉર્જા-જન-રક્ષા એમ પાંચ શક્તિો સમન્વય સાધીને પંચામૃતનું નિર્માણ કરવામાં આવ્યું અને ગુજરાતની ધરોહર જેવી પંચશક્તિનો સમન્વય કરી વિકાસની પ્રક્રિયામાં પંચશક્તિના અમૃતનું સિંચન કર્યું છે એમ પ્રદેશ ભાજપ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજા અને શ્રી મનસુખભાઈ માંડવીયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

વધુમાં ભાજપ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજા અને શ્રી મનસુખભાઈ માંડવીયાએ જણાવેલ હતું કે તાજેતરમાં દેશના ૮૦ ટકા રાજ્યોમાં અંધકાર છવાઈ ગયેલો ત્યારે ગુજરાત રાજ્યમાં ઉજાસ કાયમી હતો. વિશ્વ આખામાં ભારત દેશમાં વિજળી ગુલ થયાના સમાચારો પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. ગુજરાતની સરહદોના ગામડાની ઓળખ પણ અંધાર અને ઉજાસ ઉપરથી કરવામાં આવે છે. દુરથી દેખાતા અંધકારમય ગામડાઓ અન્ય રાજ્યોના અને લાઈટોથી જળહળવતા ગામડાઓ ગુજરાના જ હશે તેવો હવે લોકોમાં પણ વિશ્વાસ કેન્દ્રિત થયો છે જે માત્રને માત્ર રાજ્ય સરકારે ઉભી કરેલી જ્યોતિગ્રામ યોજનાને કારણે સંભવીત બની છે એમ જણાવી ભાજપ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજા અને શ્રી મનસુખભાઈ માંડવીયાએ ઉમેરેલ હતું કે પવન અને સૌર ઉર્જા જેવી ઈકો ફ્રેન્ડલી ઉર્જાના ઉત્પાદનમાં પણ વધારો કરવા માટે ભાજપ સરકારે ભગીરથ પ્રયત્નો હાથ ધર્યા છે.

## શંકરસિંહ પચીસ બેઠકોની માગ સાથે દિલ્હી પહોંચ્યા

### પોતે કહે તેને ટિકીટ આપશે તો જીતાડી દેવાની પણ ખાતરી આપી : મોઢવાડિયા પણ યાદી લઈને દિલ્હીમાં

અમદાવાદ, તા. ૨૦

કોંગ્રેસમાંથી કોને ટિકીટ મળશે, કોણ કપાશે એની ચર્ચા ચાલી રહી છે, ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર થવાનો કાર્યકરો ઈંતજાર કરી રહ્યા છે ત્યારે કોંગ્રેસના પ્રદેશ અગ્રણી શંકરસિંહ વાઘેલા આજે સવારે દિલ્હીના કોંગ્રેસ દરબારમાં પહોંચ્યા છે અને ૧૮૨ બેઠકો પણ કયો ઉમેદવાર જીતી શકે તેમ છે એનું લિસ્ટ આપીને ૨૦થી ૨૫ બેઠકો પોતાના જૂથને મળે તેવો આગ્રહ રાખ્યો હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસના કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલા આજે સવારે દિલ્હી જવા રવાના થયા હતા. અને બપોરે સ્ક્રીનીંગ કમિટીના ચેરમેન સી. પી. જોશીને મળીને ૧૮૨ બેઠકોના જીતી શકે તેવા ઉમેદવારોનું લિસ્ટ આપીને નવા સીમાંકન, જ્ઞાતિનું રાજકારણ વગેરેની ચર્ચા કરી હતી. તેમજ પોતાના જૂથના ૨૦થી ૨૫ને ટિકીટ આપવાની વિનંતી કરીને તમામને જીતાડી દેવાની ખાતરી પણ આપી હતી. દરમિયાન કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા આજે ફરીવાર દિલ્હી જવા રવાના થયા છે. કોંગ્રેસે ઉમેદવારોના લિસ્ટને આખરી ઓપ આપી દીધો છે પણ પ્રદેશ અગ્રણીઓના પ્રેશરને કારણે છેલ્લી ઘડીએ કોણ કપાશે કે કોને ટિકીટ મળશે તે સમય કહેશે.

કોંગ્રેસની પ્રથમ યાદી તા. ૨૨મીના રોજ જાહેર કરી દેવાશે. બીજી યાદી તા. ૨૩મીના સવારે અને જે વિવાદાસ્પદ બેઠકો છે તેના ઉમેદવારોની યાદી તા. ૨૩મીની રાત્રે જ જાહેર કરાશે.

### ૩૦ ટકાથી વધુ મતદારો ૧૮-૨૯ વર્ષની વયજૂથના

## યુવા વર્ગની ભાગીદારીને વધારવા ચૂંટણી પંચ તૈયાર

### ગુજરાતમાં કુલ ૩.૭૮ કરોડ મતદારો પૈકી ૧.૧૨ કરોડ મતદાર ૧૮-૨૯ વર્ષની વયના હોવાથી નવા પ્રયાસ શરૂ

અમદાવાદ,તા. ૨૦

ગુજરાતમાં ખૂબ ઊંચા પ્રમાણમાં મતદાન થાય તેની ખાતરી કરવા ચૂંટણી પંચે પણ તૈયારી હાથ ધરી છે. જેના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો ચૂંટણી પંચ દ્વારા પણ તૈયાર કરવામાં આવ્યા છે. ગુજરાતી મતદારો પૈકી ૩૦ ટકાથી વધુ મતદારો ૧૮-૨૯ વર્ષની વય ગ્રૂપના છે. આ તમામ બાબતને ધ્યાનમાં લઈને ચૂંટણી પંચે કોલેજો અને યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સુધી પહોંચવા વિશેષ કાર્યક્રમ શરૂ કર્યો છે. ચૂંટણીમાં યુવા લોકોની ભાગીદારીને વધારવાના હેતુસર આ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. પોલ પેનલમાં રહેલા ઉચ્ચસ્તરીય સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ગુજરાતમાં કુલ ૩.૭૮ કરોડ મતદારો છે જે પૈકી ૧.૧૨ કરોડ જેટલા મતદારો ૧૮-૨૯ વર્ષની વયગ્રૂપના છે. આમા પણ ૧૨.૮૭ લાખ મતદારો અથવા તો ૧૮થી ૧૯ વર્ષની વય ગ્રૂપના આ મતદારો પ્રથમ વખત મતદાન કરનાર છે. ચૂંટણી પંચે યુવા નામથી એક નવો કાર્યક્રમ શરૂ કર્યો છે.

શિક્ષણ મારફતે યુવાનોની ભાગીદારીને વધારવાનો આમા મુખ્ય હેતુ છે. સામાજિક, સાંસ્કૃતિક અને રમત ગમતના ક્ષેત્રમાં જોડાયેલા તમામને પ્રભાવિત કરવામાં આવશે. ઓડિયો વિઝ્યુઅલ અપીલ પણ કરવામાં આવી રહી છે. ચૂંટણી પંચ દ્વારા યુવા મતદારોને પ્રભાવિત કરવા તથા પ્રોત્સાહન આપવા સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન કાર્યક્રમ હાથ ધર્યો છે. લોકો તેમના લોકશાહી અધિકારીને ઉપયોગ કરે તેવા પ્રયાસ કરવામાં આવનાર છે. ગુજરાતમાં મોટી સંખ્યામાં યુવા મતદારો ઉપર કોંગ્રેસ અને ભાજપની પણ બાજ નજર પહેલાંથી જ કેન્દ્રીત થઈ ગઈ છે. યુવાનોની પસંદગીને પણ ધ્યાનમાં લેવામાં આવશે. યુવા વર્ગની અંદર જે બાબત વધુ ચર્ચામાં છે તે બાબતને આવરી લેવાના પ્રયાસ પણ તમામ પક્ષો દ્વારા કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ અને ભાજપ બંને માટે આ વખતની ચૂંટણી વધારે પડકારરૂપ રહી શકે છે.

## કોંગ્રેસ ઉમેદવારોની પ્રથમ યાદી ૨૩મી નવેમ્બરે જાહેર કરશે

ગાંધીનગર, તા. ૨૦

ટીકીટોની ખેંચતાણ થતાં કોંગ્રેસ ચૂંટણી સમિતિની બેઠક આજે મુલત્વી રાખવી પડી હતી. આવતીકાલે ફરીને કોંગ્રેસ ચૂંટણી સમિતિની બેઠક મળશે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી અંગે ચૂંટણી સ્ટીયરીંગ કમિટિની રચના કરી હતી.

આ સ્ટીયરીંગ કમિટિએ પ્રદેશ નેતાઓ સાથે ચર્ચા વિચારણા કરીને ૧૮૨ બેઠકો માટેના સંભવીત ઉમેદવારોના ત્રણ નામોની પેનલ યાદી તૈયાર કરી હતી. ત્યારબાદ આ પેનલ યાદીઓ પરના નામો અંગે ચર્ચા વિચારણા કરીને અમુક બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરી હતી. જ્યારે કેટલીક બેઠકો પર બે નામોની યાદી તૈયાર કરી છે. પ્રથમ તબક્કાની ૮૭ બેઠકોના ઉમેદવારોની આખરી પસંદગી માટે આજે દિલ્હીમાં ચૂંટણી સમિતિની બેઠક મળી હતી. જો કે આ બેઠકમાં કેટલીક બેઠકો પર ટીકીટો ફાળવવાના મામલે ખેંચતાણ થતાં ચૂંટણી સમિતિની બેઠક મુલત્વી રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે. જો કે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી આજે કોઈ અન્ય કામગીરીમાં વ્યસ્ત હોવાને કારણે આ બેઠકમાં ઉપસ્થિત રહી ન શકતા આ બેઠક મુલત્વી રાખવામાં આવી હોવાનું કોંગ્રેસના એક નેતાએ જણાવ્યું હતું.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉમેદવારોની આખરી પસંદગી માટે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીની અધ્યક્ષતામાં કોંગ્રેસ ચૂંટણી સમિતિની બેઠક આવતીકાલે મળશે. જેમાં ૮૭ બેઠકો માટેના ઉમેદવારોની આખરી પસંદગી કરીને પસંદગી યાદી તૈયાર કરી દેવામાં આવશે અને ૨૩મી સાંજ સુધીમાં ઉમેદવારોના નામોની યાદી જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ દ્વારા બે તબક્કામાં ઉમેદવારોની યાદી જાહેર કરાશે. ૨૩મીએ ૮૭ બેઠકો માટે અને ત્યાર બાદ બાકીની ૯૫ બેઠકો માટેના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## જનતાદળ (યુ)માં જનતાદળ(એસ) મર્જ

અમદાવાદ,તા. ૨૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની વ્યૂહરચનાના ભાગરૂપે જનતાદળ(એસ) જનતાદળ યુનાઈટેડમાં મર્જ થઈ જતા રાજકીય વર્તુળોમાં આની ભારે ચર્ચા જોવા મળી રહી છે. જનતાદળ(એસ)ના પ્રમુખ સિવાયના ૨૫૦૦ જેટલા કાર્યકરો જનતાદળ યુનાઈટેડમાં સામેલ થઈ ગયા છે. જેડીયુ દ્વારા ચાર બેઠકોની ટિકિટ આપવાની પણ ખાતરી આપવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યુ છે. છોટુભાઈ વસાવા ઝગડિયાની બેઠક પરથી પાંચ ટર્મથી ચૂંટાઈ રહ્યા છે. આ વખતે તેમના નેતૃત્વમાં પાર્ટી વધુ આક્રમક દેખાઈ રહી છે. ત્રીજા વિકલ્પ આપવાની વાત કરવામાં આવી રહી છે.

## ગુજરાત હિત પાર્ટીના અધ્યક્ષ ભીમજીભાઈ પ્રજાપતિ ભાજપામાં જોડાયા


અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં ભાજપાની મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ચાલી રહેલી વિકાસ યાત્રાને ધ્યાને લઈ ભવ્ય અને દિવ્ય ગુજરાત નિર્માણના કાર્યમાં જોડાવાના હેતુથી ગુજરાત હિત પાર્ટીના અધ્યક્ષશ્રી ભીમજીભાઈ ડી. પ્રજાપતિ આખીયે પાર્ટીનું ભાજપામાં વિલીનીકરણ કરી કાર્યકર્તાઓ સાથે સાગમટે ભાજપામાં જોડાયા છે. ભાજપાના પ્રદેશ કાર્યાલય ખાતે આજ રોજ તેઓશ્રીએ રૂબરૂ પધારીને પત્રકાર મિત્રોની હાજરીમાં ભાજપામાં જોડાવવાની જાહેરાત કરી છે. શ્રી ભીમજીભાઈ ગુજરાતની વિકાસ યાત્રાને આગળ વધારવાના એક માત્ર શુભ હેતુથી ભાજપામાં જોડાયા છે.

### ગુજરાતમાં સૌથી ઓછું ૧૨૭ દિવસનું શાસન : શંકરસિંહે વિધાનસભા ભંગ કરી સત્તા છોડાવી

## દિલીપ પરીખની કઠણાઈ, જેમણે મુખ્યમંત્રી બનાવ્યા તેમણે જ જાજમ ખેંચી લીધી

### કોંગ્રેસની ધમકી, ભાજપની ડખલ અને સાથી મંત્રીઓની મનમાનીએ દિલીપ પરીખને પરેશાન કર્યા, સત્તા જશે તેવી કલ્પના પણ ન હતી



**ગુજરાતની ભૂમિના રાજા**

**- ગૌતમ પુરોહિત**



ગુજરાતની ગાદી ઉપર સંજોગોએ જેમને મુખ્યમંત્રી બનાવ્યા હોય તેવા પાંચ બનાવો નોંધાયા છે. એક હતા ઘનશ્યામ ઓઝા, બીજા અમરસિંહ ચોધરી, ત્રીજા છબીલદાસ મહેતા, ચોથા સુરેશ મહેતા અને પાંચમા દિલીપ પરીખ. નસીબમાં આ લોકોને ચીફ મિનિસ્ટરની ખુરશી મળી હતી. રાજપાના નેતા અને કોંગ્રેસના ટેકાથી ગુજરાતનુઁ ટનાટન શાસન ચલાવતાં શંકરસંહિ વાઘેલાના પતન પછી તેમના નજીકના મિત્ર અને તેમની સરકારમાં બીજા નંબરનું સ્થાન ધરાવતાં દિલીપ પરીખને મુખ્યમંત્રી પદ મળ્યું હતું. આ નેતા એવાં છે કે જેમણે સૌથી ઓછા દિવસ એટલે કે ૧૨૭ દિવસનો રાજપાઠ ભોગવ્યો છે.

તેમની સરકાર નબળી હતી અને નવી ઈલેક્શનનો મેસેજ આપતી હતી. તેઓ સત્તા પર રહ્યાં ત્યાં સુધી રાજપા અને કોંગ્રેસના ધારાસભ્યોની વચ્ચે પિસાતા રહ્યા. ૨૮મી ઓક્ટોબર-૧૯૯૭ના દિવસે તેમણે સત્તાના સૂત્રો સંભાળ્યા હતા.

રાજકીય ઈતિહાસ નોંધે છે કે દિલીપ પરીખ એક અભ્યાસુ અને સારા વહીવટકર્તા રહ્યા છે. તેઓ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના -મુખ પણ રહી ચૂક્યા છે. કેશુભાઈ તથા શંકરસિંહની સરકારમાં તેઓ મંત્રીપદે રહી ચૂક્યા હતા. તેમના શાસન દરમ્યાન તેઓએ કેન્દ્રીય પાંચમા પગાર પંચની ભલામણો સ્વિકારીને ગુજરાતના કર્મચારીઓ માટે હિતકારક નિર્ણય લીધો હતો.

૧૯૯૪ થી ૧૯૯૮ના સમયગાળાની નવીનતા એ રહી છે કે, ગુજરાતમાં દર દિવાળીએ નવા મુખ્યમંત્રી આવતા હતા. ૧૯૯૪ની દિવાળીમાં છબીલદાસ મહેતા, ૧૯૯૫ની દિવાળીમાં સુરેશચંદ્ર મહેતા, ૧૯૯૬ની દિવાળીમાં શંકરસિંહ વાઘેલા, ૧૯૯૭ની દિવાળીમાં દિલીપભાઈ પરીખ અને ૧૯૯૮ની દિવાળીમાં કેશુભાઈ પટેલ. ગુજરાતની આ એક ઉપલબ્ધિ ગણાય છે.

ગુજરાતમાં નવમી વિધાનસભા એવી છે કે જેમાં ચાર મુખ્યમંત્રીઓએ કામગીરી બજાવી હતી. ૧૯૯૫ થી ૨૦૦૨ સુધીના સાત વર્ષના સમયમાં ભાજપે ગુજરાતને પાંચ મુખ્યમંત્રી આપ્યાં છે. શંકરસંહિના સત્તાપલટા પછી ગુજરાતમાં દિલીપ પરીખના શાસનમાં રાજકીય ઘટનાઓ એટલી બધી તેજ બની કે તેઓ સુખેથી રાજ કરી શક્યા નહીં. ટેકો આપનાર કોંગ્રેસના નેતાઓએ ભ્રષ્ટાચારના મુદ્દે ફરી તોફાન કરી દીધું હતું.

એક તરફ ભાજપના નેતાઓ આત્મારામ પટેલને મુખ્યમંત્રી બનાવવાનું વચન આપીને તેમના તરફ ખેંચી રહ્યાં હતા બીજી તરફ કોંગ્રેસે ટેકો પાછો ખેંચી લેવાની ધમકીઓ ચાલુ રાખી હતી એવાંમાં કોઇ નેતાઓ શંકરસિંહ વાઘેલાને એવું કહ્યું કેઁ બાપુ, રાજપાની સરકારનો દબદબો છે અને કોંગ્રેસ અવિશ્વાસનું વાતાવરણ સર્જી રહી છે, આ સંજોગોમાં ફ્રેશ ઈલેક્શન આપીએ તો આપણને ફાયદો થાય તેમ છે.

દિલીપ પરીખ ગુજરાતમાં કહેવાતા મુખ્યમંત્રી હતા. પડદા પાછળ તો શંકરસિંહ રાજ કરતા હતા. દિલીપ પરીખ પણ તેમને પૂછીને સરકારમાં નિર્ણયો લેતા હતા. એક દિવસ શંકરસિંહે સરકારના નિર્ણયના બહાને દિલીપ પરીખ સરકારના મંત્રીઓને કેવડિયા લઇ ગયા અને તેમાં વિધાનસભાનું વિસર્જન કરવાની તૈયારી સાથે મંત્રીમંડળના સભ્યોની સહીઓ લઇ લીધી.

આ વખતે મંત્રીમંડળમાં ચણભણાટ શરૂ થયો હતો. કોઇ મંત્રી ચૂંટણીનો સામનો કરવા તૈયાર ન હતા. બાપુએ કોંગ્રેસને પણ અંધારામાં રાખી... અને વિસર્જન કરી નાંખ્યું. ૨૪મી ડિસેમ્બર-૧૯૯૭નો એ દિવસ હતો. શંકરસિંહના કહેવાથી મુખ્યમંત્રી દિલીપ પરીખે પત્ર આપી રાજયપાલને કહ્યું કે અમારે ગુજરાતમાં નવી ચૂંટણીઓ જોઈએ છે.

ગુજરાતમાં અપરિપક્વ રાજપાએ ચૂંટણી લડવાનો નિર્ણય કરતાં તેમાં કોંગ્રેસ અને ભાજપને ખેંચાવું પડ્યું.

જો કે ભાજપ એવું ઈચ્છતું હતું કે ગુજરાતમાં ફ્રેશ ઈલેક્શન થાય તો પાર્ટીનુઁ શુદ્ધિકરણ સરળ બને. વિધાનસભાની ચૂંટણીમાં રાજપા જૂથને માત્ર ચાર બેઠકો મળી. ભાજપ ૧૧૭ બેઠકો સાથે ઉભરી આવ્યો...ભાજપમાં આ ચૂંટણીનું નેતૃત્વ કેશુભાઇ પટેલ અને સંજય જોષીએ લીધું હતું. કોંગ્રેસને ૫૩ બેઠકોથી સંતોષ માનવો પડ્યો અને દસમી વિધાનસભાની રચના ચોથી માર્ચ-૧૯૯૮માં કેશુભાઇના મુખ્યમંત્રીપદે કરવામાં આવી હતી. આ ચૂંટણીમાં મુખ્યમંત્રી દિલીપ પરીખની પણ હાર થઇ હતી.

એવું કહેવાય છે કે ૧૩નો આંકડો અપશુકનિયાળ હોય છે. ગાંધીનગરમાં મંત્રીમંડળના બંગલામાં ૧૩મા નંબરનો બંગલો નથી. ૧૨ નંબર પછીના બંગલાને ૧૨ એ નામ આપવામાં આવ્યું છે. દિલીપ પરીખને પણ આ આંકડો ફળ્યો નથી તેનો રાજકીય ઈતિહાસ સાક્ષી બનીને ઉભો છે. તેઓ વ્યક્તિ તરીકે ગુજરાતના ૧૩મા મુખ્યમંત્રી બન્યા હતા. (ક્રમશઃ)